eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 240
August 06, 2010

## સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ૬૧ માં વન મહોત્સવનું આયોજન



'સ્વર્ણિમ ગુજરાત' ૬૧ માં વન મહોત્સવ અંતર્ગત રાજય સરકારશ્રીના સામાજિક વનીકરણ વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ–કલબો, શૈક્ષણિક સંકુલો, ધાર્મિક સંસ્થાઓ, પર્યાવરણલક્ષી સંસ્થાઓ, ઓદ્યોગિક એકમો, વિવિધ હાઉસીંગ સોસાયટી વિગેરે સાથે સંકલન કરી મહાનગરપાલિકા, હજીરા તેમજ સુડા વિસ્તારોમાં અંદાજે ૨,૫૦,૦૦૦ જેવી મોટી વિક્રમ સર્જક સંખ્યામાં એક સાથે, એક જ દિવસે વૃક્ષના રોપાઓ વાવીને પર્યાવરણની જાળવણી થકી ગ્લોબલ વોર્મિંગ–કલાઈમેટ ચેઈન્જ જેવી વૈશ્વિક સમસ્યાના નિવારણ તરફ એક આગવું કદમ માંડવાનું આયોજન તા.૩૧/૭/૨૦૧૦ના શનિવારના રોજ હાથ ધરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાયવેરા વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્યવસાયવેરાની વસુલાત કરવામાં આવે છે. ગત નાણાકીય વર્ષ દરમ્યાન વ્યવસાયવેરા પેટે રૂા. ૪૦.૧૪ કરોડની આવક પ્રાપ્ત થયેલ હતી. વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂા. ૫૦ કરોડથી વધુ આવક મેળવવાના હેતુસર મહાનગરપાલિકાના તમામ ઝોન ધ્વારા વર્ષની શરૂઆતથી જ આયોજનબધ્ધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં,તા.૩૦/૦૭/૨૦૧૦નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.: ૩૧/૦૭/૨૦૧૦ ના રોજ પૂણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મરોડ, પૂણા પોલીસ ચોકી પાસે,પૂણા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે આયોજિત પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત તેમજ દેશવિદેશના કલાત્મક ૨૪૦ જેટલા વિવિધ દેશોના રાષ્ટ્રીય ધ્વજ, ભૌગોલિક સ્થાન દર્શાવતા નકશા,વિસ્તાર,વસ્તી,ચલણ,ભાષા,ધર્મ વગેરે માહિતી તેમજ ધ્વજ અને નકશા અંકિત થયેલી ટપાલ ટિકિટોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૧ માં વન મહોત્સવનું આયોજન

'સ્વર્ણિમ ગુજરાત' ૬૧ માં વન મહોત્સવ અંતર્ગત રાજય સરકારશ્રીના સામાજિક વનીકરણ વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ–કલબો, શૈક્ષણિક સંકુલો, ધાર્મિક સંસ્થાઓ, પર્યાવરણલક્ષી સંસ્થાઓ, ઓદ્યોગિક એકમો, વિવિધ હાઉસીંગ સોસાયટી વિગેરે સાથે સંકલન કરી મહાનગરપાલિકા, હજીરા તેમજ સુડા વિસ્તારોમાં અંદાજે ૨,૫૦,૦૦૦ જેવી મોટી વિક્રમ સર્જક સંખ્યામાં એક સાથે, એક જ દિવસે વૃક્ષના રોપાઓ વાવીને પર્યાવરણની જાળવણી થકી ગ્લોબલ વોર્મિંગ–કલાઈમેટ ચેઈન્જ જેવી વૈશ્વિક સમસ્યાના નિવારણ તરફ એક આગવું કદમ માંડવાનું આયોજન તા.૩૧/૭/૨૦૧૦ના શનિવારના રોજ હાથ ધરવામાં આવ્યું હતું.






આ પ્રસંગે મા.કમિશ્નરશ્રીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે દર વર્ષે ચોમાસાની ઋતુમાં વૃક્ષારોપણ મોટી સંખ્યામાં કરવામાં આવે છે પરતું આ વર્ષે અઢી લાખ વૃક્ષો રોપવાનું આયોજન હાથ ધરેલ છે. સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા પાસેથી સેવ ટ્રી, સેવ વોટર અને સેવ એનર્જીનું સ્લોગન આપી જણાવ્યું હતું કે આ અભિયાનમાં માત્ર આંકડા અગત્યનું નથી. પરંતુ વૃક્ષારોપણ કરીને તેનું જતન કરવામાં લોકોના સાથ સહકાર મળે તે અગત્યનું છે. **United Nations Environment Program** થકી ગ્લોબલ વોર્મીગ પડકારને પહોંચી વળવા બીલીયન ટ્રી કેમ્પીંગ હેઠળ સમગ્ર વિશ્વમાં ૧૨ બીલીયન ટ્રીનું વાવેતર કરવાનું નકકી કરવામાં આવ્યું છે જે પૈકી ૧૦.૬૪ બીલીયન વૃક્ષોનું વાવેતર થયુ છે. **UNEP** સાથે સુરત પણ રજીસ્ટર કર્યુ છે અને આજે કરેલ વાવેતર કરેલ વિગતની જાણ કરીશું. વિશ્વ વ્યાપી અભિયાનમાં આ શહેર ભાગીદાર બન્યું છે તે ગૌરવની બાબત છે. વન મહોત્સવ કાર્યક્રમમાં સાથ સહકાર આપી વૃક્ષોનું જતન કરવા આહવાન કર્યુ હતું.

ત્યારબાદ મંચસ્થ તમામ મહાનુભાવોનું તુલસીના છોડના કયારા આપી સ્વાગત કરવામાં આવેલ તેમજ આમંત્રિતોને પણ વિના મુલ્યે રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટય બાદ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રાંસગિક પ્રવચનમાં જણાવ્યું કે "સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ના "૬૧ માં વન મહોત્સવ"ની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણનો આ સામુહિક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેનું વિશિષ્ટ મહત્વ છે. મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના પર્યાવરણની જાળવણીના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકામાં જે વિકાસની ગતિએ પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે છે તેની સાથે વન મહોત્સવનો અનુભવ થાય તેવો પ્રયાસ છે. ગ્લોબલ વોર્મિંગથી થતી અસર ઘટાડવા માટે ૩ થી ૫ લાખ સુધી વૃક્ષોનો વાવેતર કરી શકાય. વૃક્ષોનું વાવેતર સાથે તેનું જતન કરવું પણ જરૂરી છે. જેથી તેનો વિકાસ થઈ શકે. આ માટે એનજીઓ, વિવિધ સંસ્થાઓ, સ્કુલો,પ્રજાજનો આ કાર્યક્રમમાં ભાગ લઈને સફળ બનાવે અને સુરત શહેરને ચોખ્ખું, હરિયાળું,, સ્વચ્છ અને સુંદર શહેર બનાવે તેવો સંકલ્પ લેવા જણાવેલ.

મા.ધારાસભ્ય શ્રી કિશોરભાઈ વાંકાવાળાએ આ કાર્યક્રમ પ્રસંગે તેમના ઉદબોધનમાં મા.મુખ્યમંત્રીશ્રીના વિચારો અમલમાં મુકવા જાહેર જનતાને અપીલ કરી જણાવ્યું કે ૧૦૦૦ પુરુષે ૮૬૦ મહિલાઓનો જન્મદર છે. જે સામાજિક અસામનતાથી થાય કે ભ્રુણ હત્યાની સાથે આજે ૮૭૬ કન્યાઓનો જન્મદર છે. તેવી જ રીતે સમાજમાં વૃક્ષોનું નિકંદન થતું રહયું છે જે આપણી સામાજિક જવાબદારી સમજીને વનોનું પર્યાવરણલક્ષી વૃક્ષારોપણ થવું જોઈએ. જે રીતે જંગલો અને પ્રાણીઓને મીટાવી દેવામાં આવી રહયા છે. આપણે સુરત શહેરને હરિયાળું બનાવવાના પ્રયત્ન કરીશું. આપણા વડીલો અને વડવાઓ એ ભુતકાળમાં જે ઝાડ રોપ્યા હતા તેનાથી અગ્નિ સંસ્કાર કરી શકીએ છીએ છે. આવનાર પેઢી આપણને વખોડે નહી પણ વખાણે તે ધ્યાનમાં રાખીને વૃક્ષારોપણમાં સહભાગી થવા જણાવેલ. નદીના બંને કિનારે વૃક્ષો હોય,નદીના બંને કિનારા પાણીથી છલોછલ ભરાયેલ હોય ત્યારે આ શહેરની સુંદરતા વધે છે. વૃક્ષ એ આપણું જીવન છે, એ પોતે સજીવ છે. જેથી તેનામાં જીવદયા રાખવી જરૂરી છે. વૃક્ષારોપણ કરી તેનું જતન કરીએ તેવો સંકલ્પ લેવા જણાવેલ.

**Continue …**

''સ્વર્ણિમ ગુજરાત'' ના ''૬૧માં વન મહોત્સવ'' ની ઉજવણી નિમિત્તે ગાંધીનગરથી પધારેલ મુખ્ય વન સચિવશ્રી રાજીવાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે આ ખુબ સુંદર વનીકરણ કાર્યક્રમ છે. તા.૩૦/૭/૨૦૧૦ના રોજ પાલીતાણા મુકામે મા.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ છે. કુદરતમાંથી જન્મેલા મનુષ્યો કુદરતનો નાશ કરે છે. પૃથ્વી જંગલોથી પરીપૂર્ણ હતી. વન અને વન્ય પ્રાણીઓથી ભરપૂર હતી. જેમ જેમ મનુષ્યની વસ્તી વધતી ગઈ તેમ વૃક્ષોનું નિકંદન થતું હતું. પર્યાવરણનો નાશ થતો ગયો. એક જમાનામાં કુદરતે ત્રણ વસ્તુ મફત આપી. જેમાં ખોરાક, હવા,પાણીનો સમાવેશ થાય છે. જેમાં ખોરાક અને પાણીની અછત પડી. હવા ફ્રી છે. વૃક્ષોમાંથી હવા આવે છે. હવે વૃક્ષોની અછતને લઈને વાયુને પણ ભવિષ્યમાં ખરીદવો પડશે. કાર્બન ડાયોકસાઈડ વાયુની માત્રા વધારે છે જેથી વૃક્ષોની અછત થાય છે. તથા પ્રાણવાયુમાં વધારો થાય છે. શહેરી વિસ્તારમાં મોટી સંખ્યામાં વૃક્ષારોપણ થાય અને તેમાં વધારો થાય તેવા પ્રયાસ છે. જેથી જયાં જગ્યા મળે ત્યાં વૃક્ષો વાવજો, વૃક્ષોનું રક્ષણ કરવું જોઈએ. અંતમાં તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમમાં શાળાના બાળકો સહભાગી બને, સ્કુલોમાં વૃક્ષોની વાવણી કરે જેથી શહેરોની ઘણી તકલીફો દુર થાય.

મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું કે આપણા સ્વાસ્થય માટે ખુબ ઉપયોગી એવા વૃક્ષો જન્મદિન નિમિત્તે રોપવા જણાવી વૃક્ષોમાંથી ઔષધિ પ્રાપ્ત થાય છે. જેથી ભકિત ભાવે વૃક્ષો ઉછેરવાના છે. આવનાર દિવસોમાં પણ આવા કાર્યક્રમનું આયોજન કરેલ છે. આપણે સૌ સાથે મળીને આવા વન મહોત્સવનું આયોજન કરી શહેરને હરિયાળું શહેર બનાવવા શુભેચ્છા પાઠવી હતી.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ''સ્વર્ણિમ ગુજરાત'' ૬૧ માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે જણાવ્યું કે સુરત શહેર એ આપણું, મારું અને તમારું શહેર છે. તેમણે જણાવ્યું કે ''છોડમાં રણછોડ વસ્યો છે.'' રણછોડની લાગણી સાથે માવજત કરવી જરૂરી છે. આ એક શકિતમાન અને રાખમાંથી ઉભું થતું શહેર છે. આવનાર જનરેશન માટે વૃક્ષારોપણ કરવું જોઈએ. આ શહેરે ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે પાંચ એવોર્ડ મેળવી શહેરનું નામ રોશન કર્યુ છે. આ શહેર રમતવીરોનું શહેર છે. આ શહેર સમગ્ર દેશનું સૌથી સુંદર, સ્વચ્છ લીલુછમ શહેર બને તેવો લક્ષ્યાંક મુકયો છે. આ શહેરે અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. વૃક્ષારોપણમાં પણ નંબર વન પ્રાપ્ત કરે તેવા પ્રજાના સાથ સહકાર મળે તે જરૂરી છે. રાજયનો ગરીબમાં ગરીબ માણસ પણ વૃક્ષારોપણ કરી શકે છે.સમગ્ર વિશ્વ જયારે આ બાબતે જાગૃત હોય ત્યારે આપણે પણ વનીકરણ કરવું જોઈએ.શહેરીજનોએ શહેરની ચિંતા કરી વૃક્ષારોપણમાં આગળ ધપવું જરૂરી છે. શહેરમાં ઠંડકવાળી જગ્યા બને, આદર્શ શહેર બને અને આપણા કુટુંબના કોઈપણ વ્યકિતના જન્મદિવસની ઉજવણી નિમિત્તે એક વૃક્ષનું વાવેતર કરવા ઉપસ્થિત સૌને સંકલ્પ કરવા જણાવ્યું. અંતમાં મા.મેયરશ્રીએ આ શહેર સમગ્ર રાજયમાં , સમગ્ર દેશનું ગ્રીન સીટી બની રહે તેવા પ્રયાસ કરવા જણાવ્યું.

અંતમાં આ પ્રસંગે ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) એ ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે રાજય સભાના સાંસદ શ્રી પ્રવિણભાઈ નાયક,ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાનાણી, ધારાસભ્ય શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મુખ્ય વન સંરક્ષકશ્રી ડી.બી.આંદે, ધી સધન ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ડો.અજય ભટ્ટાચાર્ય, મા.અધ્યક્ષ ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી છાયાબેન પરમાર તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ,વિવિધ શાળા/મહાશાળાના વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ત્યારબાદ સદર કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, અધિકારીશ્રીઓ, શાળા/મહાશાળાના વિદ્યાર્થીઓ, નગરજનો ધ્વારા સામુહિક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આજ રોજ વરાછા ઝોનમાં – ૮૧૭૦, અઠવા ઝોનમાં–૧૩૫૫૫, કતારગામ ઝોનમાં – ૧૨૦૨૪, લિંબાયત ઝોનમાં – ૫૬૭૦, સેન્ટ્રલ ઝોનમાં– ૫૦૦, ઉધના ઝોનમાં – ૧૦૦૩૪, રાંદેર ઝોનમાં–૨૧૬૧૦, ગાર્ડન વિભાગમાં – ૨૨૭૬૧, ડ્રેનેજ વિભાગમાં–૨૩૧૮૭, હાઈડ્રોલિક વિભાગમાં – ૬૩૬૦ અને સામાજિક વનીકરણ વિભાગ, ગુજરાત રાજય,સુરત ધ્વારા ૧૪૮૩૩૧ મળી કુલ ૨૭૨૨૦૨ રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

વધુમાં વ્યારા વન વિભાગ ધ્વારા કડૈયા બેટ,ડુમસ અને ભીમપોર દરિયાકિનારે ૧,૮૦,૦૦૦ મેન્ગ્રુવ બીજની વાવણી પણ કરવામાં આવેલ છે.

TOP

## વ્યવસાયવેરા વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્યવસાયવેરાની વસુલાત કરવામાં આવે છે. ગત નાણાકીય વર્ષ દરમ્યાન વ્યવસાયવેરા પેટે રૂા. ૪૦.૧૪ કરોડની આવક પ્રાપ્ત થયેલ હતી. વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂા. ૫૦ કરોડથી વધુ આવક મેળવવાના હેતુસર મહાનગરપાલિકાના તમામ ઝોન ધ્વારા વર્ષની શરૂઆતથી જ આયોજનબધ્ધ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૩૧ જુલાઈ સુધીમાં મહાનગરપાલિકાએ ઈ.સી. અને આર.સી. કરદાતાઓ પાસેથી રૂા. ૯.૮૨ કરોડની વસુલાત કરેલ છે. જેમાં ગત વર્ષના ઈ.સી. કરદાતાઓને તારીખ ૩૦ સપ્ટેબર સુધીમાં વ્યવસાયવેરો ભરપાઈ કરવા માટે વેસ્ટઝોનમાં ૪,૮૮૪, સેન્ટ્રલઝોનમાં ૧૬,૧૫૯, નોર્થઝોનમાં ૧૦,૩૮૧, ઈસ્ટઝોનમાં ૧૦૭૭૦, સાઉથઝોન ૧૪,૨૦૨, સાઉથ વેસ્ટ ઝોન ના ૬૫૮૭ તથા સાઉથ ઈસ્ટમાં ૧૨,૦૮૩, મળી કુલ ૭૫,૦૦૬ કરદાતાઓને "ઈન્ટીમેશન લેટર" ઈસ્યુ કરવામાં આવેલ છે, ડીફોલ્ટર ઈ.સી. કરદાતાઓને ફરીથી નમૂના–૧૨ ની નોટીસ આપવાની કામગીરી ચાલુ છે. તેમજ આર.સી. કરદાતાઓનું એસસેમેન્ટની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ઈસ્યુ કરવામાં આવતા પ્રોપર્ટી ટેક્ષના બીલ પર પણ જે કરદાતાઓ વ્યવસાયવેરો ભરપાઈ કરવાને પાત્ર હોય, તેઓને વ્યવસાયવેરો ભરપાઈ કરવા અંગેની સુચના આપવામાં આવેલ છે. ગુમાસ્તાધારા લાયસન્સના નવા રજીસ્ટ્રેશન, રીન્યુ કરતાં પહેલા વ્યવસાયવેરો ભરપાઈ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

હજુ પણ ધંધા, રોજગાર સાથે સંકળાયેલ સંસ્થા, પેઢી કે વ્યકિત વર્ગો કે જેઓ ઈ.સી. તથા આર.સી. કરદાતાને પાત્ર છે. તેઓને નજીકની ઝોન ઓફિસનો સંપર્ક કરી નોંધણી કરાવી વ્યવસાયવેરો ભરપાઈ કરવા તથા વર્ષ ૨૦૧૦–૧૧ માં ઈ.સી. કરદાતાઓ માટે વ્યવસાયવેરો ભરપાઈ કરવાની અંતિમ તા.૩૦/૦૯/૨૦૧૦ હોય, તે તારીખ સુધીમાં વ્યવસાયવેરો ભરપાઈ કરી વ્યાજ તથા દંડનીય કાર્યવાહીથી બચવા મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં,તા.૩૦/૦૭/૨૦૧૦નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) કતારગામ–ગામતળમાં વ્હાલાવાડી થઈ પસાર થતા રસ્તામાં નડતરરૂપ વર્ષો જુનું ગેરેજનું લગભગ ૬૦૦ ચો.ફુટનું બાંધકામ દુર કરી, રસ્તા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી. ગેરેજ દુર કરવાથી ગામતળના રસ્તા પર થતું બોટલનેક દુર કરવાથી વાહનવ્યવહાર માટે સરળતા થયેલ છે.

(૨) કતારગામ ગામતળ વિસ્તારને લાગુ રહેણાંક વિસ્તારમાં ચાલતુ એમ્બ્રોયડરી તથા વેલ્ડીંગનું કારખાનું નિયમોનુસાર કાર્યવાહી કરી, કારખાનુ બંધ કરાવી સીલ મારવામાં આવેલ.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.: ૩૧/૦૭/૨૦૧૦ ના રોજ પૂણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડા ફાર્મરોડ, પૂણા પોલીસ ચોકી પાસે,પૂણા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મ્યુ.સદસ્ય શ્રી વિનુભાઈ ઝાલાવાડીયા, શ્રી પ્રફુલભાઈ પાનસુરીયા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, વરાછા ઝોનના ઝોનલ ચીફશ્રી બી.આઈ.દલાલ, કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો.વી.વી.પરમાર,ડો.કે.એ.શ્રોફ,ડો.કલ્પેશ ખત્રી,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પુણા,કરંજ, વરાછા, હીરાબાગ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે. જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર /નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામા આવે છે. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્યલક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે. સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યું હતું. સ્વાઈન ફલુને કારણે નાગરીકોમાં ભય જોવા મળે છે પરંતુ સ્વાઈન ફલુથી ગભરાયા વગર સ્વાઈન ફલુ બાબતે તકેદારી રાખવા, આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવા જણાવ્યું હતું.

મ્યુનિ. સદસ્ય શ્રી વિનુભાઈ ઝાલાવાડીયાએ સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું. દરેક નાગરીકોએ પોતાના ઘરની તથા આજુબાજુની સાફસફાઈ કરવી જોઈએ જો આપણી આજુ બાજુના વિસ્તારની સાફ સફાઈ સારી થયેલ હશે તો રોગચાળાનું પ્રમાણ પણ ઓછું જોવા મળશે.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પનો પૂણા તથા આજુ બાજુ વિસ્તારના ૪૬૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૩૩, ચામડીના નિષ્ણાત દ્વારા ૮૬,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૮,બાળરોગ નિષ્ણાત દ્વારા ૪૪, ફિઝીશ્યન દ્વારા ૧૬૦, સર્જન દ્વારા ૨૧ દર્દીઓને તપાસવામાં આવ્યા. લેબ.ટેકનીશીયન દ્વારા ૨૯ તાવના દર્દીઓના નમુના લેવામાં આવ્યા હતા. ૨૦ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૩૫ દર્દીઓને વિશેષ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૨૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦૦,ઓરલ પીલ્સ ૧૦ પેકેટ, ૪૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૯૮ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર,આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે આયોજિત પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત તેમજ દેશવિદેશના કલાત્મક ૨૪૦ જેટલા વિવિધ દેશોના રાષ્ટ્રીય ધ્વજ, ભૌગોલિક સ્થાન દર્શાવતા નકશા,વિસ્તાર,વસ્તી,ચલણ,ભાષા,ધર્મ વગેરે માહિતી તેમજ ધ્વજ અને નકશા અંકિત થયેલી ટપાલ ટિકિટોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા.૦૫/૦૮/૨૦૧૦ થી તા.૨૯/૦૮/૨૦૧૦ સુધી સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રાખવામાં આવશે. તા.૧૫/૦૯/૨૦૧૦ તથા તા.૨૪/૦૯/૨૦૧૦ના રોજ સાયન્સ સેન્ટર સુરત બંધ રહેશે.

TOP